# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત સરકારના નવનિયુક્ત મંત્રીઓએ વિધિવત્ રીતે કાર્યભાર સંભાળ્યો
2. GSRTCના તમામ કર્મચારીઓને 10 હજાર રુપિયા તહેવાર પેશગી રકમ અપાશે
3. માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના હેઠળ 124 કામ માટે સાત હજાર 737 કરોડ રૂપિયા ફાળવવા સરકારનો નિર્ણય.
4. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુજરાતને “પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન” હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ પુરસ્કાર આપ્યો
5. ધનતેરસના પાવન પર્વ સાથે આજથી દિવાળીના ઉત્સવનો પ્રારંભ
6. ભાવનગરનાં ખેલાડી મનાલિ પરમારની બહેરીનમાં યોજાનારી યુથ એશિયન ગેમ્સ માટે પસંદગી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STATE NEW MINISTERS

રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીઓએ આજે ધનતેરસના પાવન દિવસે પોતપોતાની કચેરીમાં વિધિવત્ પ્રવેશ કરી કાર્યભાર સંભાળ્યો છે. હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ્ સંકુલ એક ખાતે વિધિવત્ રીતે નાયબ મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળ્યો. આ પહેલાં તેમણે ભગવાનના દર્શન કરી રાજ્યની પ્રગતિ અને જનસુખાકારી માટે પ્રાર્થના કરી. તેમણે કહ્યું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સાથી સભ્ય તરીકે કાર્યભાર સંભાળવાની તક મળી છે.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

તો, જામનગર ઉત્તરનાં ધારાસભ્ય અને પ્રાથમિક, માધ્યમિક તથા પ્રૌઢ શિક્ષણ વિભાગનાં રાજ્યમંત્રી તરીકે રિવાબા જાડેજાએ આજે કાર્યભાર સંભાળ્યો. તેમણે આ તક આપવા બદલ પક્ષના ઉચ્ચ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

**(BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE)**

-------------

# SHUBECHCHHAK NAVI PAHEL

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ શપથ લીધા બાદ રાજ્યના નાગરિકો અને કાર્યકર્તાઓને તેમને અભિનંદન પાઠવતા હોર્ડિંગ્સ ન લગાવવા અપીલ કરી હતી. ત્યારબાદ શ્રી સંઘવીના સુરતના એક

શુભેચ્છકે હોર્ડિંગ્સ લગાવવાને બદલે હોસ્પિટલમાં 30 જરૂરિયાતમંદની નેત્ર શસ્ત્રક્રિયા માટે એક સંસ્થાને દાન આપ્યું છે. નાયબ મુખ્યમંત્રીએ પણ તેમના આ કાર્યને બિરદાવ્યું છે.

-------------

## BANASKANTHA MINISTER

વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વાહન વ્યવહાર રાજ્યમંત્રી તથા બનાસકાંઠા ડીસાના ધારારાસભ્ય પ્રવિણકુમાર માળીએ આજે યાત્રાધામ અંબાજીમાં માતાજીના દર્શન કર્યા. તેમણે રાજ્યની શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. માધ્યમો સાથે વાત કરતાં તેમણે વધુ માહિતી આપી.

**(BYTE: PRAVINKUMAR MALI, MINISTER OF STATE)**

-------------

## GSRTC IMP NIRNAY

રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCના તમામ કર્મચારીઓને 10 હજાર રૂપિયા તહેવાર પેશગી રકમ આપવાનો નિર્ણય કર્યો છે. અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને પાંચ હજાર રૂપિયા સુધી પેશગી એટલે કે, અગાઉથી અપાતું મહેનતાણું અપાતું હતું,

પરંતુ હવે નિગમના તમામ કર્મચારીઓને 10 હજાર રૂપિયાની સહાય અપાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમના હસ્તકના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમાં GSRTCના 36 હજારથી વધુ કર્મચારીઓ માટે આ નિર્ણય કરાયો હતો. સાથે જ બેઠકમાં 26થી 30 તારીખ સુધી સ્વચ્છતા અને જળબચાવો ઝૂંબેશ હેઠળ રાજ્યની તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – RTO અને તમામ ST બસ મથકમાં વિશેષ ઝૂંબેશ યોજવાનો પણ નિર્ણય કરાયો છે.

-------------

# CM MANJURI

રાજ્ય સરકારે માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના હેઠળ 124 કામ માટે સાત હજાર 737 કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે. સત્તાવાર યાદી મુજબ, ભારે ટ્રાફિક ધરાવતા માર્ગોને વધુ સરળ, સલામત અને ઝડપી વાહનવ્યવહાર યોગ્ય રાખવા 809 કિલોમીટર લંબાઈના નવ ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરીડોરનું પણ પાંચ હજાર 576 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાશે.

આ કૉરિડોર અંતર્ગત 12 નવા હાઈસ્પીડ કૉરિડોર વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારે રાજ્યના માર્ગોને આબોહવા અનુકુળ અને ટૅક્નોલૉજી-યુક્ત બનાવવા એક હજાર 147 કરોડ રૂપિયા પણ મંજૂર કર્યા છે. તેમાંથી 271 કિલોમીટર લંબાઈમાં 20 કામ હાથ ધરાશે.

-------------

# GUJARAT BEST AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુજરાતને સમગ્ર દેશમાં “પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન” હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ “બેસ્ટ પર્ફોર્મિન્ગ રાજ્ય” તરીકેનો પુરસ્કાર એનાયત કર્યો છે. નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિશ્રીની અધ્યક્ષતામાં આદિ કર્મયોગી અભિયાન અંગે યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનમાં ગઈકાલે તેમણે આ પુરસ્કાર ગુજરાતને આપ્યો હતો.

આ અભિયાન હેઠળ બેસ્ટ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે નવસારીની પસંદગી થઈ છે. જ્યારે વલસાડ, સુરત, ભરૂચ અને તાપીને ટૉપ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે પુરસ્કાર મળ્યો છે. તો બેસ્ટ પર્ફોર્મિંગ સંકલિત આદિજાતિ વિકાસ સંસ્થાઓ – ITDAS તરીકે છોટાઉદેપુર અને દાહોદને પસંદ કરાયા છે. જ્યારે ધરતી આબા અભિયાનમાં ટોચના પર્ફોર્મિંગ જિલ્લામાં ડાંગ અને દાહોદનો સમાવેશ કરાયો છે.

-------------

# DHANTERAS FESTIVAL

દેશભરમાં આજે ધનતેરસનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. આજથી દિવાળીના ઉત્સવનો પ્રારંભ થયો છે. ધનતેરસને ધન ત્રયોદશી અને ધન્વંતરિ જયંતિ પણ કહેવામાં આવે છે. આ શુભ દિવસે લોકો ભગવાન ધન્વંતરિ, ભગવાન કુબેર અને લક્ષ્મી માતાજીની પૂજા કરે છે

અને સોના કે ચાંદીની વસ્તુઓ તથા નવા વાસણ ખરીદવા માટે આજનો દિવસ શુભ માનવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સોશિયલ મીડિયા પર સંદેશમાં લોકોને ધનતેરસની શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . . . . .

# JAMNAGAR DHANVANTARI

**ધન્વંતરિ ત્રયોદશી નિમિત્તે આજે જામનગરની આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા – I.T.R.A દ્વારા આયુર્વેદના આરાધ્ય દેવ ભગવાન ધન્વંતરિજીની પ્રતિમાનું પૂજન-અર્ચન કરાયું. આયૂષ મંત્રાલય હેઠળની આ સંસ્થાનનાં નાયબ નિદેશક પ્રાધ્યાપક વર્ષા સોલંકી સહિત વિવિધ પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ ધન્વંતરિ વંદન દ્વારા વિશ્વના જીવોના આરોગ્ય અને કલ્યાણ માટે પ્રાર્થના કરી.**

-------------

# RAJKOT AROGYA SEVA

દિવાળી તહેવાર નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકાના તમામ 31 શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા 46 આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય સેવાઓ કાર્યરત્ રહેશે. જોકે, 20, 21 અને 23 તારીખે સવારે નવ-થી બપોરે એક વાગ્યા સુધી આ કેન્દ્ર કાર્યરત્ રખાશે. જ્યારે 22

તારીખે નૂતન વર્ષ નિમિત્તે બંને કેન્દ્રમાં રજા રહેશે. આ ઉપરાંત તહેવારોને અનુલક્ષીને બે ત્વરિત પ્રતિભાવ ટુકડી કાર્યરત્ રહેશે.

-------------

# PLAYER SELECTION

ભાવનગરનાં ખેલાડી મનાલિ પરમારની બહેરીનમાં યોજાનારી યુથ એશિયન ગેમ્સ માટે પસંદગી થઈ છે. મધ્ય-પૂર્વના દેશ બહેરીન ખાતે આગામી 22થી 30 તારીખ સુધી ત્રીજી યુથ એશિયન ગેમ્સ યોજાશે. તેમાં ભારતની હેન્ડબૉલ ટીમમાં ભાવનગરનાં પાલિતાણાની મનાલી પરમારની પસંદગી થઈ છે.

ગુજરાત રમતગમત સત્તામંડળ – SAG-એ સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતાં ખેલાડીને શુભેચ્છાઓ પાઠવી છે. સાથે જ તેમનાં ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ આપી છે.

-------------

# NASHAMUKT ABHIYAN

રાજ્યભરમાં યોજાયેલા નશામુક્ત ભારત અભિયાન હેઠળ અત્યાર સુધી આઠ હજારથી વધુ પ્રવૃત્તિઓ યોજાઈ. તેમાં 35 લાખથી વધુ નાગરિકે સહભાગી થઈ સમાજ અને દેશને નશામુક્ત બનાવવા સંકલ્પ લીધો તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા આયોજિત આ અભિયાન હેઠળ રાજ્યના તમામ જિલ્લામાં જનજાગૃતિની પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, દેશના 270 જિલ્લામાં 15 ઑગસ્ટ 2020થી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. તેમાં અમદાવાદ, વડોદરા, ભરૂચ, મહેસાણા, સુરત, રાજકોટ, જામનગર અને પોરબંદરનો સમાવેશ કરાયો હતો.

-------------

# VADODARA ACCIDENT

વડોદરામાં બે દ્વિ-ચક્રી વાહન વચ્ચે અકસ્માત થતાં ચાર મહિનાના બાળકનું મોત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, બિલ ખાતે રહેતું દંપતી પોતાના બાળકને સારવાર માટે લઈ જતું હતું. નારાયણ વાડી પાસેથી પસાર થતા અટલાદરા—પાદરા માર્ગ પર તેમના વાહનની અન્ય વાહન સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો.

ત્યારબાદ ચાર મહિનાના બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે દંપતીને ગંભીર ઈજા થઈ છે. આ ઘટના અંગે અટલાદરા પોલીસે અન્ય વાહનચાલક સામે તપાસ હાથ ધરી છે.

-------------

# JAYRAM GAMIT VISIT

રમતગમત રાજ્યમંત્રી ડૉક્ટર જયરામ ગામિતે આજે ગાંધીનગરમાં ગુજરાત રમતગમત સત્તામંડળ કચેરીની મુલાકાત લીધી કામગીરી અંગે માહિતી મેળવી. ડૉ. ગામિતે અધિકારી અને કર્મચારીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, રમતગમત વિભાગ દ્વારા કાર્યરત્ અનેક યોજનાઓની માહિતી ગુજરાતના છેવાડાના યુવાનો સુધી પહોચે તે દિશામાં આગામી સમયમાં વિશેષ અભિયાન હાથ ધરાશે.

રાજ્ય સરકાર આગામી સમયમાં ઑલિમ્પિક અને રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન કરીને રાજ્યનું નામ રમતગમત ક્ષેત્રે વધુ રોશન કરશે તેવી કામગીરી આ વિભાગ દ્વારા કરાશે તેમ પણ શ્રી ગામિતે જણાવ્યું.

-------------